ગુજરાત અશાંત વિસ્તાર એક્ટમાં મહત્ત્વના સુધારા

‘અશાંત’ ને બદલે હવે ‘નિર્દિષ્ટ’ વિસ્તાર કહેવાશે

નિર્દિષ્ટ વિસ્તારમાં મિલકતની તબદીલી માટે કલેક્ટરે હવે વધુ કડક તપાસ કરવી પડશે

હુલ્લડ અથવા ટોળાની હિંસાની ભીતિ હોય તો વિસ્તારને ‘નિર્દિષ્ટ વિસ્તાર’ જાહેર કરી શકશે

ગાંધીનગરઃ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૧૯૯૧ના અશાંત વિસ્તારના કાયદામાં મોટા ફેરફારો કરવા માટે ‘ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ (સુધારા) વિધેયક, ૨૦૨૬’ રજૂ કરવામાં આવ્યું છે. મહેસૂલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડા દ્વારા આ વિધેયક વિધાનસભા ગૃહમાં રજૂ કરાયું છે, જે આગામી સપ્તાહે ચર્ચા પર લેવાશે.

આ સુધારા વિધેયકની મુખ્ય વિગતો નીચે મુજબ છે

વ્યાખ્યામાં મોટો ફેરફારઃ કાયદામાં અત્યાર સુધી વપરાતા ‘અશાંત વિસ્તાર’ (Disturbed Area) શબ્દને બદલે હવે તમામ જગ્યાએ ‘નિર્દિષ્ટ વિસ્તાર’ (Specified Area) શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત, કાયદાકીય ગૂંચવણો દૂર કરવા માટે ‘નારાજ થયેલી વ્યક્તિ’ (Aggrieved Person) ની વ્યાખ્યા પણ સ્પષ્ટ કરવામાં આવી છે.

મિલકત તબદીલીમાં કલેક્ટરની સત્તા અને તપાસ

કોઈપણ નિર્દિષ્ટ વિસ્તારમાં મિલકતની તબદીલી માટે કલેક્ટરે હવે વધુ કડક તપાસ કરવી પડશે. નવી જોગવાઈ મુજબ, મિલકત વેચનાર અને ખરીદનારની સંમતિ મુક્ત છે કે નહીં અને મિલકતની કિંમત વાજબી છે કે નહીં તેની સાથે હવે એ પણ તપાસવામાં આવશે કેઃ

» મિલકતની તબદીલીથી તે વિસ્તારમાં વસતા સમુદાયો વચ્ચે કોમી તંગદીલીને કારણે જાહેર વ્યવસ્થાનો ભંગ થવાની કોઈ શક્યતા છે કે કેમ.

» હુલ્લડ અથવા ટોળાની હિંસાને કારણે જાહેર વ્યવસ્થા ખોરવાય અથવા અનૈચ્છિક સ્થળાંતર (Involuntary Migration) થવાની ભીતિ હોય તો રાજ્ય સરકાર તે વિસ્તારને ‘નિર્દિષ્ટ વિસ્તાર’ જાહેર કરી શકશે.

દેખરેખ અને સલાહકાર સમિતિની ભૂમિકા

રાજ્ય સરકારને સલાહ આપવા માટે એક ‘દેખરેખ અને સલાહકાર સમિતિ’ની રચના કરવામાં આવશે. આ સમિતિ જે-તે વિસ્તારમાં કોમી તંગદિલી કે જાહેર વ્યવસ્થાની સ્થિતિનો અભ્યાસ કરશે. આ સમિતિ અને કલેક્ટરને ડેટા એકત્રિત કરવામાં અને તપાસમાં ખાસ તપાસ ટીમ (SIT) સહાય કરશે.

જો મિલકતની તબદીલી કાયદા વિરુદ્ધ જઈને રદબાતલ ઠરે, તો

» મિલકત ખરીદનારે ૬ મહિનાની અંદર મૂળ માલિકને કબજો પરત સોંપવો પડશે.

» જો મૂળ માલિક કબજો લેવામાં નિષ્ફળ જાય, તો કલેક્ટર તે મિલકતનો કબજો પોતે સંભાળશે અને તેનું રક્ષણ કરશે.

લોન લેવા માટે પડતી મુશ્કેલી નિવારણ

નિર્દિષ્ટ વિસ્તારમાં આવેલી મિલકત પર નાણાકીય સંસ્થાઓ (બેંકો) પાસેથી લોન લેવા માટે તેને ગીરો મૂકવાની પ્રક્રિયામાં પડતી મુશ્કેલીઓ નિવારવા માટે કલમ ૯માં સુધારો સૂચવવામાં આવ્યો છે, જેથી સામાન્ય નાગરિકોને હાડમારી ન વેઠવી પડે.

સુરતમાં અચાનક બેભાન થઈ જતા રત્નકલાકાર સહિત બેનાં મોત

સુરતઃ શહેરમાં અચાનક બેભાન થઈ જતા રત્નકલાકાર સહિત બેના મોત થયા હતા. મૂળ ભાવનગરના વતની વિપુલસિંહ વિક્રમસિંહ રાણા (31 વર્ષ) હાલ કતારગામ ગાયત્રી પરિવાર સોસાયટી વિભાગ-3 માં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો અને રત્નકલાકાર તરીકે નોકરી કરતો હતો. ગુરુવારે બપોરે વિપુલસિંહને છાતીમાં દુખાવો થતાં પરિવારજનો તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું.

અન્ય બનાવમાં, ડિંડોલી ગોકુલધામ ટાઉનશીપમાં ચૌધરી 34 વર્ષીય જયવદન રમેશ પટેલ બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો અને ખાનગી કંપનીમાં માર્કેટિંગનું કામ કરી પરિવારનું ગુજરાત ચલાવતો હતો. ગુરુવારે રાત્રે જયવદન જમીને સુઈ ગયો હતો. દરમિયાન આજે વહેલી સવારે તેની પત્નીએ તેને જગાડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તે જાગ્યો ન હતો. જેથી 108 એમ્બ્યુલન્સ મારફતે તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

ગલ્ફના દેશો અમેરિકાને સાથ આપવાની ભારે આર્થિક કિંમત ચૂકવી રહ્યા છે

છેલ્લા કેટલાક દાયકાઓમાં, જ્યારે લેબનોન પર બોમ્બમારો થઈ રહ્યો હતો, ઇરાક આત્મઘાતી બોમ્બ વિસ્ફોટોથી હચમચી રહ્યું હતું અને ઇસ્લામિક સ્ટેટ સીરિયામાં વિદેશીઓનાં અપહરણ અને હત્યા કરી રહ્યું હતું, ત્યારે દુનિયાના ધનિકો દુબઈના કૃત્રિમ ટાપુઓ પર આલિશાન હવેલીઓ ખરીદી રહ્યા હતા, અબુ ધાબીમાં લુવર મ્યુઝિયમની મુલાકાત લઈ રહ્યા હતા અથવા કતારના રણમાં સફારીનો આનંદ માણી રહ્યા હતા. પર્શિયન ગલ્ફના દેશો યુદ્ધ, આતંકવાદ અને અસ્થિરતાથી ઘેરાયેલા મિડલ-ઇસ્ટમાં પોતાને સુરક્ષા અને સમૃદ્ધિના ગઢ તરીકે રજૂ કરતા રહ્યા છે. તેમની ફાયદાકારક કર નીતિઓએ અબજો ડોલરનું વિદેશી રોકાણ આકર્ષ્યું છે, જેના કારણે દુબઈ, અબુ ધાબી અને દોહા જેવાં શહેરો અબજોપતિઓ, વૈભવી ટુરિઝમ અને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો માટે લોકપ્રિય સ્થળો બન્યાં હતાં, પરંતુ ૨૮ ફેબ્રુઆરીએ આ બધું બદલાઈ ગયું છે.

તે દિવસે ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલી હુમલાથી યુદ્ધ શરૂ થયું, જેમાં ઈરાને માત્ર ઈઝરાયલી શહેરો અને અમેરિકન ઠેકાણાંઓ પર જ નહીં, પરંતુ ગલ્ફમાં આવેલા અમેરિકાના સાથી દેશો પર પણ બોમ્બમારો કરીને જવાબ આપ્યો હતો. આ રાજાશાહી દેશો અચાનક એક એવા સંઘર્ષમાં ફસાઈ ગયા છે, જેની તેમને કોઈ કલ્પના પણ નહોતી. ઈરાની મિસાઈલો અચાનક શોપિંગ મોલ, વૈભવી ગગનચુંબી ઇમારતો અને લક્ઝરી ચાટોથી ભરેલાં બંદરો પાસે પડવા લાગી છે. આ બધું કતાર, યુએઈ, કુવૈત, બહેરીન, સાઉદી અરેબિયા અને ઓમાનનાં લોકો તેમજ પ્રવાસીઓની આંખો સમક્ષ બન્યું છે. આ યુદ્ધ હવે વિશ્વની કેટલીક સૌથી વૈભવી હોટલો સુધી પહોંચી ગયું છે. એક ઈરાની ડ્રોનને હવામાં જ તોડી પાડવામાં આવ્યું હતું પણ તેનો કાટમાળ દુબઈના બુર્જ ખલિફા પર પડ્યો હતો, જ્યારે કૃત્રિમ ટાપુ પામ જુમેરાહ પર સ્થિત ફેરમોન્ટ ધ પામ હોટેલ પર સીધી રીતે ફટકો પડ્યો હતો. કતારની સરકારી તેલ કંપનીએ જણાવ્યું હતું કે રા લાફાન ઔદ્યોગિક સંકુલ પર મિસાઇલ હુમલાને કારણે તેને ભારે નુકસાન સહન કરવું પડ્યું છે.

ઉદાર કર વ્યવસ્થાને કારણે, આ દેશોએ વિશ્વભરનાં રોકાણકારોને આકર્ષ્યાં છે, પરંતુ હવે આ યુદ્ધ આ દેશો માટે એક મોટી આફત સાબિત થઈ રહ્યું છે. બહેરીન, દુબઈ, અબુ ધાબી અને સાઉદી અરેબિયામાં ફ્લાઇટો, હોટેલ બુકિંગ, કોન્ફરન્સ અને ફોર્મ્યુલા વન જેવા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો રદ થવાના કારણે શ્રીમંત રાજાશાહીઓ હચમચી ગઈ છે. અખાતી દેશોએ મધ્ય પૂર્વમાં પોતાને સુરક્ષિત આશ્રયસ્થાનો તરીકે રજૂ કરવા માટે સખત મહેનત કરી છે, પરંતુ ગયા અઠવાડિયાની ઘટનાઓએ તે છબીને કલંકિત કરી છે. આ

સરકારો સર્વેલન્સ સિસ્ટમ્સમાં ભારે રોકાણ કરે છે, જેના કારણે તેમને આતંકવાદથી મોટા ભાગે રક્ષણ મળ્યું છે, પરંતુ તેમણે અસંમતિ વ્યક્ત કરનારા અવાજો અથવા તેમની છબીને નુકસાન પહોંચાડી શકે તેવી કોઈ પણ વસ્તુ પર કડક કાર્યવાહી કરી છે. ઉદાહરણ તરીકે ત્રણ અઠવાડિયાની લડાઈ દરમિયાન આ વિસ્તારોમાં ડ્રોનબંધ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં વિદેશી નાગરિકોનો પણ સમાવેશ થાય છે. કેટલાકની ધરપકડ ફક્ત ઈરાની હુમલાઓના વીડિયો પોસ્ટ કરવા બદલ કરવામાં આવી હતી.

ફાઇનાન્શિયલ ટાઇમ્સે વર્લ્ડ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ કાઉન્સિલને ટાંકીને લખ્યું છે કે આ પ્રદેશમાં એકલા પર્યટન ઉદ્યોગને દરરોજ લગભગ ૬૦ કરોડ અમેરિકન ડોલરનું નુકસાન થઈ રહ્યું છે. ૬ માર્ચના અઠવાડિયામાં દુબઈ સ્થિત Airbnb અને VRBO જેવા પ્લેટફોર્મ પર ૮૦,૦૦૦ થી વધુ બુકિંગ રદ કરવામાં આવ્યાં હતાં. ફ્લાઇટ રદ થવાથી લાખો પ્રવાસીઓ પણ ફસાયાં છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં, ગલ્ફ ક્ષેત્ર આંતરરાષ્ટ્રીય હવાઈ જોડાણ માટે એક મુખ્ય કેન્દ્ર બની ગયું છે, જ્યાંથી દરરોજ પાંચ લાખથી વધુ મુસાફરો પસાર થાય છે. ૨૮ ફેબ્રુઆરીથી, ઓછામાં ઓછા ત્રણ એરપોર્ટ - દુબઈ, કુવૈત અને અબુ ધાબી - ઈરાની મિસાઇલ અથવા ડ્રોન હુમલાઓનો ભોગ બન્યા છે, જેના કારણે હજારો ફ્લાઇટો રદ કરવાની ફરજ પડી છે. ગલ્ફના દેશો દ્વારા ઊભી કરવામાં આવેલી સુરક્ષાની આ છબી અંશતઃ કૃત્રિમ હતી, પણ અંશતઃ વાસ્તવિક હતી, કારણ કે ગલ્ફના દેશોએ દાયકાઓથી આસપાસની હિંસાથી પોતાને અલગ રાખ્યા હતા.

ઈરાન સાથેનું યુદ્ધ અત્યંત મોંઘું સાબિત થઈ રહ્યું છે અને તે ત્યાંનાં નાગરિકો અને શાસકો બંનેમાં ગુસ્સો અને હતાશાની લાગણીઓને વધારી રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણયની ટીકા કરનાર કદાચ સૌથી સ્પષ્ટવક્તા અમીરાતના અબજોપતિ ઉદ્યોગપતિ ખલાફ અહેમદ અલ હબતૂર છે, જેમણે ગલ્ફના દેશોને યુદ્ધમાં ખેંચવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા. અમેરિકન રાષ્ટ્રપતિને લખેલા તાજેતરના કડક અને ખુલ્લા પત્રમાં અલ હબતુરે પૂછ્યું કે તેમને આપણા પ્રદેશને ઈરાન સાથેના યુદ્ધમાં ખેંચવાનો અધિકાર કોણે આપ્યો? તેમણે આ નિર્ણય કયા આધારે લીધો?

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

ગલ્ફના દેશોએ અમેરિકા સાથેના તેમના સંબંધોમાં ભારે રોકાણ કર્યું છે, જેમાં અમેરિકન લશ્કરી થાણાંઓનું આયોજન કરવું, લોજિસ્ટિકલ સપોર્ટ પૂરો પાડવો, અબજો ડોલરના રોકાણનું વચન આપવું અને અમેરિકાની પ્રાદેશિક નીતિઓ સાથે જોડાવા માટે સ્થાનિક રાજકીય કિંમત ચૂકવવી સામેલ છે. બદલામાં, તેઓ ઓછામાં ઓછા એવી અપેક્ષા રાખતા હતા કે કોઈ પણ યુદ્ધ પહેલાં તેમની સલાહ લેવામાં આવે જેમાં તેઓ લક્ષ્ય બની શકે, પરંતુ એવું બન્યું નહીં. ઈરાની મિસાઇલોએ તેમની રાજધાનીઓ, એરપોર્ટ, તેલ માળખાં અને નાણાંકીય સંસ્થાનો પર હુમલો કર્યો છે. આ બધું તેમના કારણે નહીં, પરંતુ વોશિંગ્ટન અને તેલ અવીવમાં લેવામાં આવેલા નિર્ણયોને કારણે થયું છે. હાલમાં ગલ્ફની રાજધાનીઓમાં અમેરિકા માટે ભારે ગુસ્સો છે, પરંતુ તેના શાસકો કંઈ ખાસ કરવાની સ્થિતિમાં નથી અને કોઈ પણ જાહેર મંચ પર તેને વ્યક્ત કરે તેવી શક્યતા પણ નથી. આ પહેલી વાર નથી જ્યારે અમેરિકાએ તેમની અવગણના કરી હોય. ૨૦૧૫ માં જ્યારે ઈરાન સાથે પરમાણુ કરાર થયો ત્યારે પણ ગલ્ફના દેશોને તેનાથી દૂર રાખવામાં આવ્યા હતા.

શાહ રેઝા પહલવીને પદભ્રષ્ટ કરીને ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનની સ્થાપના કરનારી ક્રાંતિ પછી, પર્શિયન ગલ્ફની સરકારોના તેમના પાડોશી ઈરાન સાથે લાંબા સમયથી તણાવપૂર્ણ સંબંધો રહ્યા છે. ઈરાન શિયા બહુમતી ધરાવતો દેશ છે, જ્યારે ગલ્ફ દેશો મોટાભાગે સુન્ની છે. ૧૯૭૯ની ક્રાંતિ પછી ઈરાને પોતાને આ ક્ષેત્રમાં અમેરિકાના સૌથી મોટા દુશ્મન તરીકે સ્થાન આપ્યું છે, જ્યારે આરબ રાજાશાહીઓ અમેરિકાની સાથી રહી છે. આ કારણોસર, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત અને કતાર જેવા ખાડી દેશો અમેરિકન છાવણીમાં ગયા હતા. આ બધા દેશો કોઈ ને કોઈ રીતે નાટોના અનુચ્છેદ ૫ જેવી સિસ્ટમ ઇચ્છતા હતા, જે કહે છે કે જો એક સભ્ય પર હુમલો થાય છે, તો બાકીના તેના બચાવમાં આવશે. આ વિચારસરણીનું સૌથી મોટું ઉદાહરણ ૧૯૯૦ માં કુવૈત હતું, જેના પર સદ્દામ હુસૈનના ઇરાક દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો અને જેને પાછળથી અમેરિકાના નેતૃત્વ હેઠળનાં ગઠબંધન દળો દ્વારા મુક્ત કરવામાં આવ્યું હતું. પરંતુ જ્યારે તેહરાને ૨૦૧૯ માં સાઉદી અરેબિયાના તેલ માળખા પર હુમલો કર્યો, અથવા જ્યારે ઇઝરાયલે ૨૦૨૫ માં કતારની રાજધાની દોહામાં હવાઈ હુમલામાં હમાસ નેતાઓની હત્યા કરી ત્યારે અમેરિકાએ કોઈ નોંધપાત્ર મદદ કરી નહીં. આનાથી એવી લાગણી મજબૂત થઈ કે કટોકટીના સમયમાં અમેરિકા તેમના બચાવમાં નહીં આવે. કેટલાક દેશો હવે તુર્કી અથવા પાકિસ્તાન જેવા અન્ય દેશો સાથે લશ્કરી સહયોગ વધારવાનું પસંદ કરે છે, પરંતુ અમેરિકાથી દૂર જવું તેમના માટે સરળ નહીં હોય, કારણ કે સંરક્ષણને લગતા કરારોની મુદત ઓછામાં ઓછી ૨૦ વર્ષની હોય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ફાઇનાન્શિયલ ટાઇમ્સે વર્લ્ડ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ કાઉન્સિલને ટાંકીને લખ્યું છે કે આ પ્રદેશમાં એકલા પર્યટન ઉદ્યોગને દરરોજ લગભગ ૬૦ કરોડ અમેરિકન ડોલરનું નુકસાન થઈ રહ્યું છે

એનડીપીએસ કેસમાં બે આરોપીની જામીન અરજી ફગાવાઈ

સુરતઃ બેંગકોકથી આવેલી ફ્લાઈટમાં મળી આવેલાં કરોડો રૂપિયાનાં ગાંજા કેસમાં બે આરોપીની જામીન અરજી સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે ફગાવી દીધી હતી. સુરત એરપોર્ટ પર બેંગકોકથી આવેલી ફ્લાઈટના સીટનાં કુશનમા છુપાવેલાં કરોડો રૂપિયાનાં ગાંજા કેસમાં આરોપી અંસુલ ગૃપ્તા (યુપી),પરવીન કર્મવીર(હરિયાણા) ની કસ્ટમ વિભાગની એઆઈયુ યુનિટે ધરપકડ કરી હતી. જે કેસમાં આ બંને આરોપીએ સેશન્સ કોર્ટમાં અલગ અલગ જામીન અરજી કરી હતી. કસ્ટમ વિભાગનાં ખાસ સરકારી વકીલ ઈમરાન મલેકે જામીન અરજીનો વિરોધ કરી રજુઆત કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે બંને આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

બાંન્દ્રા ગાંધીધામ અને દાદર ભૂજમાં થ્રી ટિયર AC કોચ ઉમેરાશે

ઉનાળામાં મુસાફરોની રાહત માટે અમદાવાદની 12 ટ્રેન વધારાના કોચ સાથે દોડશે

અમદાવાદ : પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની વધતી માંગને ધ્યાનમાં રાખીને અમદાવાદ મંડળ હેઠળ દોડતી કુલ 12 મહત્વપૂર્ણ ટ્રેનોમાં વધારાના 3-ટિયર એસી (3AC) કોચ સ્થાયી રીતે ઉમેરવામાં આવશે.

રેલવે વિભાગના જણાવ્યા પ્રમાણે ખાસ કરીને ઉનાળાની સિઝનમાં લાંબા અંતરના પ્રવાસ માટે એસી કોચની માંગ વધી રહી છે. આને પહોંચી વળવા માટે તબક્કાવાર રીતે અલગ-અલગ તારીખોથી આ કોચ ઉમેરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તા. 21 મે, 2026થી બાંદ્રા ટર્મિનસ-ગાંધીધામ, અમદાવાદ-પ્રયાગરાજ, સાબરમતી-વારાણસી અને સાબરમતી-થાવે એક્સપ્રેસમાં વધારાનો કોચ જોડાશે.

તા. 22 મે, 2026થી દાદર-ભુજ એક્સપ્રેસમાં કોચ ઉમેરાશે તા. 23 મે, 2026થી ગાંધીધામ-હાવડા એક્સપ્રેસમાં અમલ શરૂ થશે., તા. 24 મે, 2026થી ઈન્દોર-અસારવા, અમદાવાદ-પટના અને સાબરમતી-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસમાં વધારો થશે. તા. 25 મે, 2026થી સાબરમતી-લખનૌ એક્સપ્રેસમાં કોચ જોડાશે. તા. 26 મે, 2026થી સાબરમતી-સુલતાનપુર એક્સપ્રેસમાં અમલ થશે. તા. 27 મે, 2026થી અમદાવાદ-કોલકાતા એક્સપ્રેસમાં વધારાનો કોચ ઉમેરાશે.

25 માર્ચથી કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર

અમદાવાદ : પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને ટ્રેનોના સમયપાલનમાં સુધારો લાવવાના હેતુથી કેટલીક મહત્વપૂર્ણ ટ્રેનોના સમયમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે. આ બદલાવ 25 માર્ચ, 2026થી અમલમાં આવશે. જે આગામી સૂચના સુધી ચાલુ રહેશે. રેલવેના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે ટ્રેન નંબર 12958 નવી દિલ્હી-સાબરમતી સ્વર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસના પાલનપુર સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનનો સમય અગાઉ 05:58 અને 06:00 હતો, જે હવે 05:50 અને 05:52 કરવામાં આવ્યો છે. મહેસાણા સ્ટેશન પર આ ટ્રેનનો સમય અગાઉ 06:48 અને 06:50 હતો, જે હવે 06:38 અને 06:40 કરવામાં આવ્યો છે.

BUSINESS મિત્ર

ક્રુડમાં નરમાઇ અને શોર્ટ કવરીંગથી સેન્સેક્સમાં 325 પોઇન્ટનો ઉછાળો; IT શેરોમાં તેજી

યુદ્ધ વિરામના સંકેતે બજારમાં રિકવરી: નિફ્ટી 23100ની ઉપર બંધ

શેરબજારમાં શરૂઆતી ઉછાળો છતાં રોકાણકારો છેલ્લે હળવા થતા જોવાયા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 20: ગઈકાલે ઈરાન અને ઈઝરાયેલ દ્વારા ગેસ ફીલ્ડના હુમલાના લીધે ભારે કડાકો બોલાયા બાદ આજે સપ્તાહના છેલ્લા દિવસે યુદ્ધ વિરામ થવાના અહેવાલની પાછળ ક્રુડ ઓઈલના ભાવમાં થોડીક નરમાઈ અને વૈશ્વિક હકારાત્મક સંકેતોની અસર જોવા મળી હતી. આ ઉપરાંત ભારતીય શેરબજારમાં શોર્ટ કવરીંગ થયું હતું, જેના લીધે નીચલા સ્તરેથી સુધારો જોવાયો હતો. જોકે, શરૂઆતી ઉછાળો છેલ્લે માત્ર સુધારો જ રહ્યો હતો. હજુય રોકાણકારોને યુદ્ધ વિરામ પર વિશ્વાસ નથી, જેથી દરેક ઉછાળે હળવા થતા જોવા મળી રહ્યા છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષમાં યુદ્ધ સમાપ્ત થવાનું આશાનું કિરણ જોવા મળી રહ્યું છે અને હવે ઓઈલ તથા ગેસ ફીલ્ડ પર વધુ હુમલા નહીં થાય, તેમજ ટ્રમ્પે કહ્યું કે, સૈનિકોને જમીન પર મોકલવામાં આવશે નહીં, જેની શેરબજારમાં પોઝિટિવ અસર રહી હતી અને નિફ્ટી 23100 પોઈન્ટની ઉપર બંધ થવામાં સફળ રહી હતી.

આજે શેરબજારમાં રિલાયન્સ ઈન્ડ.એ આગેવાની લીધી હતી. બીજી તરફ, હજુય એચડીએફસી બેન્કમાં વેચવાલી હાવી રહેતા બેન્ક નિફ્ટી લાલ નિશાનમાં જોવા મળી હતી.

બીએસઈ સેન્સેક્સ 325.72 પોઈન્ટ એટલે કે 0.44 ટકા વધીને 74532.96 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં 75286 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74385 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 112.35 પોઈન્ટ એટલે કે 0.49 ટકા વધીને 23114.50 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23345 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23067 પોઈન્ટ સુધી ઘટી હતી. ગઈકાલે નિફ્ટીએ 23000 પોઈન્ટની સપાટી તોડી હતી, જે આજે 23100 પોઈન્ટ સુધી બંધ રહી હતી. બેન્ક નિફ્ટી 239.5 પોઈન્ટ એટલે કે 0.04 ટકા ઘટીને 53427.05 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે બ્રેઈનબીસ સોલ્યુશન્સમાં 8.65 ગણા, ટીબીઓ ટેક 7.83 ગણા, મેટ્રોપોલીસ હેલ્થકેરમાં 3.36 ગણા, સીમેન્સ એનર્જી 3.17 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે બ્રેઈનબીસ સોલ્યુશન્સમાં 33.87 ગણા, સુંદરમ ફાસ્ટનર્સમાં 15.71 ગણા, જીએમડીસીમાં 11.32 ગણા, મેટ્રોપોલીસ હેલ્થકેરમાં 6.29 ગણા અને આદિત્ય બિરલા ફેશન્સ 5.46 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.66 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.47 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2454 શેરો વધ્યા હતા, જ્યારે 1814 શેરો ઘટયા હતા અને 164 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 2.17 ટકા સુધર્યો હતો. જેમાં ઓરેકલ ફાઈ. સર્વિસીસ, ટેક મહિન્દ્રા, ઈન્ફોસીસ, પરસીસ્ટન્ટ સીસ્ટમ, એમફાસીસ, વિપ્રો, એચસીએલ ટેકનો, ટીસીએસ અને એલટીઆઈ માઈન્ડ્ટ્રી વધ્યા હતા. વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો લાલ નિશાનમાં ખુલ્યા બાદ પોઝિટિવ ચાલી રહ્યા છે, મધ્યસ્થ બેન્કોએ ટાંકેલા સુચનોનું મુલ્યાંકનની અસર હતી. બેન્ક ઓફ ઈંગ્લેન્ડે વ્યાજદર 3.75 ટકા પર યથાવત રાખ્યો હતો અને ફુગાવો 3.5 ટકાની નજીક જોવા મળ્યો હતો. તેવી જ રીતે સ્વીસ બેન્ક અને સ્વીડનની સેન્ટ્રલ બેન્કે પણ મધ્ય પુર્વના યુદ્ધની આસપાસની અનિશ્ચિતતાને ટાંકીને દરો સ્થિર રાખ્યા હતા. યુદ્ધ અને ઉર્જા પુરવઠામાં વિક્ષેપોથી રોકાણકારો પરેશાન જોવાયા હતા, જેના લીધે એશિયન બજારો મિશ્ર રહ્યા હતા. આજે જાપાનના બજારો રજાના લીધે બંધ રહ્યા હતા. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.22 ટકા, કેક 0.35 ટકા અને ડેક્સ 0.33 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં સ્ટ્રેઈટસ 0.38 ટકા, હેંગસેંગ 0.85 ટકા, તાઈવાન 0.43 ટકા, અને શાંઘાઈ 1.25 ટકા ઘટાડા સાથે બંધ ર્યા હતા. જ્યારે કોસ્પી 0.31 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

ઇતિહાસમાં પ્રથમ વખત રૂપિયો 93ની ઐતિહાસિક નીચી સપાટીએ

ગઇકાલે કરન્સી બજાર બંધ રહ્યા બાદ આજે કરન્સી બજાર ખુલતાની સાથે જ 93ની ઉપર ખુલ્યો હતો, જે ગઇકાલે ખાનગીમાં જ 93ની સપાટી કુદાવી દીધી હતી, જે આજે નવી નીચી ઐતિહાસિક સપાટી બનાવી હતી. ઇતિહાસમાં પ્રથમ વખત રૂપિયો તૂટીને 93ની ઉપર બોલાયો હતો અને છેલ્લે 94 તરફ ઝડપી આગેકૂચ કરતો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 1.07 તૂટીને 93.71ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.64ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 108.96, પાઉન્ડ 124.94, કેનેડિયન ડોલર 68.40, ઓસ્ટ્રેલિયન ડોલર 66.53 અને જાપાનીઝ યેન 0.5909 તથા સીંગાપોર ડોલર 73.21ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	93.71 ₹.
યુરો	108.96 ₹.
પાઉન્ડ	124.94 ₹.
યેન	0.5908 ₹.

સેન્સેક્સ	325.77	74532.96
નિફ્ટી	112.35	23114.50
બેન્ક નિફ્ટી	-23.95	53427.05

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
જેએસડબલ્યુ સ્ટીલ	3.42	1189.60
ટેક મહિન્દ્રા	3.30	1384.80
ટાટા સ્ટીલ	3.29	196.77
કોલ ઇન્ડિયા	3.07	468.15
ઇન્ફોસીસ	2.88	1255.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
હિન્દાલ્કો	2.54	874.25
એચડીએફસી બેન્ક	2.22	780.45
એચડીએફસી લાઇફ	1.55	623.65
ઓએનજીસી	1.37	265.40
શ્રીરામ ફાઇનાન્સ	1.18	938.60

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા સ્ટીલ	3.23	196.70
ટેક મહિન્દ્રા	3.01	1380.05
ઇન્ફોસીસ	2.78	1254.60
ટ્રેન્ટ	2.41	3565.35
રિલાયન્સ	2.11	1414.55

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચડીએફસી બેન્ક	2.41	780.45
બીઇએલ	1.10	426.05
કોટક બેન્ક	0.57	365.85
ICICI બેન્ક	0.42	1245.55
ઇન્ટરગ્લોબ એવીએશન	0.22	4147.90

યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ”	૧૧૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૫૦/૩૬ ”	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૪૮ SD/કેપ	૧૮૫	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧